PROOF

**વંચાણે લીધા :**

(૧) પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૮/૨૦૧૭, તા.૨૨/૨ /૨૦૧૭

(૨) પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૧૨/૨૦૧૮, તા.૩/૪ /૨૦૧૮

## જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/ ૯૮ /૨૦૧૯,**

**તા. ૨૫/ ૮ /૨૦૧૯**

હું, અમિતકુમાર વિશ્વકર્મા, IPS, ઇ/ચા. પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૨૮/૨/૨૦૨૦ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો ડાયવર્ઝન કરવા અને નો-પાર્કિંગ ઝોન જાહેર કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત અખબારનગર સર્કલથી ન્યુ રાણીપ બસ સ્ટેન્ડ (પલક ટી) સુધી બી.આર.ટી.એસ. કોરીડોર આવેલ છે. જે કોરીડોરના રેલીંગથી સાડા ચાર મીટર સુધીનો મુખ્ય માર્ગ બંધ રહેશે.

**વૈકલ્પિક રુટ :** અખબારનગર સર્કલ થી ડાબી બાજુ વળી વિશ્વ આર્કેડ (લાડલી જંકશન) થી જમણી બાજુ વળી સ્વામિ વિવેકાનંદ ઇન્સ્ટીટયુટ, શ્રીનાથ ચોકડી (ઉજાલા સર્કલ) થઇ સૌરભ હાઇસ્કુલ ટી થી જમણી બાજુ વળી પલક ટી તરફ જઇ શકાશે. તેમજ વ્યાસવાડી ચાર રસ્તા કટ ખુલ્લો રહેશે.

તેમજ સમગ્ર વૈકલ્પિક રૂટ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૨૮/૨/૨૦૨૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫/૮ /૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૫/૮ /૨૦૧૯
અમદાવાદ શહેર

(અમિતકુમાર વિશ્વકર્મા)
ઇ/ચા.પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેક્ટરશ્રી,જીલ્લા કલેક્ટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.

(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ

PRO

# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૧૯ /૨૦૧૯,**
**તા.૨૫ /૯ /૨૦૧૯**

હું, અમિતકુમાર વિશ્વકર્મા, IPS, ઇ/ચા. પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૧૮/૨/૨૦૨૦ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અને નો-પાર્કિંગ ઝોન જાહેર કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત મોટેરા રોડ ઉપર ઈન્દીરાનગર થી આશ્રમ ચાર રસ્તા સુધીનો માર્ગ બેરીકેડીંગ કરી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેનાર છે.

**વૈકલ્પિક રૂટ :** મોટેરા સ્ટેડીયમ રોડ ઉપર જનપથ ટી તરફથી મોટેરા ગામ તરફ જવા માટે જનપથ ટી સીધા વિસત (ઓ.એન.જી.સી.) સર્કલથી જમણી બાજુ અથવા તો ઈન્દીરાનગર ટી થી ડાબી બાજુ વળી ઈન્ડસ હોસ્પિટલ રોડ ઉપર મોટેરા BRTS બસ સ્ટેશન કટથી જમણી બાજુ વળી સીધા ઓ.એન.જી.સી. સર્કલથી પી.વી.આર. સિનેમા કટથી જમણી બાજુ વળી આશ્રમ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી જઈ શકાશે અને તેજ રૂટ મુજબ મોટેરા ગામથી જનપથ ટી અથવા તો ઈન્દીરાનગર તરફ આવવા માટે આશ્રમ ચાર રસ્તાથી પી.વી.આર. સિનેમા ટી થી ડાબી બાજુ વિસત (ઓ.એન.અજી.સી.) સર્કલ થી આગળ મોટેરા BRTS સ્ટેશન કટથી ડાબી બાજુ ઈન્ડસ હોસ્પિટલ રોડથી ઈન્દીરાનગર તરફ તથા મોટેરા BRTS સ્ટેશનથી સીધા જનપથ ટી તરફ જઈ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૮/૨/૨૦૨૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫/૯/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૫/૯ /૨૦૧૯
અમદાવાદ શહેર

(અમિતકુમાર વિશ્વકર્મા)
ઇ/ચા.પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.

PROશ્રી

**વંચાણે લીધા :** પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૦૩/૨૦૧૯, તા.૩૧/૧/૨૦૧૯

**જાહેરનામું**

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૨૦ /૨૦૧૯,**

**તા. ૨૫/૯/૨૦૧૯**

હું, અમિતકુમાર વિશ્વકર્મા, IPS, ઇ/ચા.પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં રેલ વિકાસ નિગમ દ્વારા મીઠાખળી અંડરપાસ મોટા પહોળા કરવાની કામગીરી ચાલનાર હોવાથી તા.૨/૧૦/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો રસ્તો બંધ કરવા અને ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

રેલ વિકાસ નિગમ દ્વારા મીઠાખળી અંડરપાસ મોટા પહોળા કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. જેથી મીઠાખળી અંડરપાસ પુર્વ થી પશ્ચિમ સુધી બંધ થનાર હોવાથી આ માર્ગ ઉપર જવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે અને રોજીંદા ટ્રાફિકને ડાયવર્ઝન આપવામાં આવે છે. તેની અવેજીમાં નીચે જણાવેલ વૈકલ્પિક રૂટ પરથી અવર-જવર કરવાની રહેશે.

**વૈકલ્પિક રૂટ :**

મીઠાખળી અંડરપાસનો ઉપયોગ કરી આશ્રમ રોડ તરફ અવર-જવર કરતા વાહન ચાલકોએ મીઠાખળી ગામ રેલ્વે ક્રોસીંગ, નહેરુબ્રીજ ચાર રસ્તા, માદલપુર ગરનાળા, ગુજરાત કોલેજ પાસેથી પસાર થતા સર્પાકાર બ્રીજ તથા નવરંગપુરા રેલ્વે ક્રોસીંગ પછી આવેલ બુદ્ધાસિંગ મહાદેવ મંદિર તરફના રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૨/૧૦/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫/૯/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૫/૯/૨૦૧૯
અમદાવાદ શહેર

(અમિતકુમાર વિશ્વકર્મા)
ઇ/ચા.પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.